તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૧૩.૦° સે. |
| વલસાડ | ૩૩.૦° સે. | ૧૧.૦° સે. |
| વાપી | ૩૩.૦° સે. | ૧૧.૦° સે. |

# સાયબર ફ્રોડ: સુરતના બેએ કમિશન પર બેંક ખાતું આપ્યું

**2 ટકા** કમિશન પર આપેલા બેંક ખાતામાં રૂ.1.36 લાખ જમા થયા

નવસારી: નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા કરણભાઈ અશોકભાઈ વાઘેલા અને પ્રુથ્વી જીતેન્દ્રભાઈ ઢોલા સામે સાયબર ફ્રોડ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ કરણભાઈ વાઘેલાએ પોતાનું HDFC બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડના નાણાં જમા કરાવવા માટે અન્ય આરોપીઓને આપ્યું હતું. આ નાણાં સાયબર ફ્રોડના હોવાનું જાણતા હોવા છતાં કરણભાઈએ 2 ટકા કમિશનના લાલચે આ એકાઉન્ટનો ઉપયોગ થવા દીધો હતો. આરોપી પ્રુથ્વી ઢોલા તથા અન્ય અજાણ્યા સાગરિતોની મદદથી અલગ-અલગ રાજ્યોના નાગરિકોને ઓનલાઈન રીતે છેતરવામાં આવ્યા હતા.

તપાસમાં ખુલ્યું છે કે કર્ણાટક, દિલ્હી અને પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોના ભોગ બનેલા લોકોથી ઓનલાઈન ઠગાઈ કરીને કુલ 1,36,418ની રકમ એકત્રિત કરવામાં આવી હતી. આ રકમ વિવિધ બેંક એકાઉન્ટમાં જમા કરાવી બાદમાં અન્ય સાગરિતોને પહોંચાડવામાં આવી હતી. આરોપીઓએ સાયબર ફ્રોડ માટે એકબીજાની મદદગારી કરી હોવાનું ખુલ્યું હતું.

નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં આ મામલે BNS-2023ની કલમ 317(2), 317(4), 318(4), 54 તેમજ IT એક્ટ-2000ની કલમ 66(C) અને 66(D) હેઠળ ગુનો નોંધાયો છે. હાલ નવસારી રૂરલ પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી. ભરવાડના માર્ગદર્શન હેઠળ વધુ તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા અન્ય સંડોવાયેલા આરોપીઓની ઓળખ કરી તેમની ધરપકડ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જલાલપોરમાં 42 હજાર અન્યના નામના ખાતામાં જમા કરાવ્યા

નવસારી: ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી લોકોને છેતરપિંડી કરી રૂપિયા પડાવવાના ગુનામાં જલાલપોર પોલીસે બે આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસ ફરિયાદ મુજબ આરોપી રમેશકુમાર રામકુમાર પ્રજાપતિ (ઉં.વ.44, રહે., મહિમા રેસિડેન્સી, ગાંધી બ્રિજ પાસે, જલાલપોર) તેમજ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે સુખાભાઈ દાનાભાઈ ભરવાડ (રહે., સીતારામ નગર, સિંધી કેમ્પ, નવસારી)એ સાયબર ફ્રોડને અંજામ આપ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓએ સાયબર ફ્રોડના રૂપિયા સગેવગે કરવા માટે રમેશ પ્રજાપતિના નામે નવસારી સ્ટેશન રોડ પર આવેલી ફેડરલ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. આ એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થવા દીધા હતા. સાયબર ફ્રોડના રૂપિયા હોવાનું જાણતા હોવા છતાં આરોપીઓએ આ બેંક એકાઉન્ટની કી અને વિગતો પોતાના અન્ય સાગરિતોને આપી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓએ ભારતના અલગ-અલગ રાજ્યોમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો પાસેથી છેતરપીંડી કરી કુલ 42,000ની રકમ એકત્રિત કરી હતી. પોલીસે હાલ અન્ય સંડોવાયેલા સાગરિતોની તપાસ હાથ ધરી છે.

# સુખેશ પંચાયતના કોમ્પ્યુ. ઓપરેટરને ગોંધી રાખી દસ્તાવેજ સાથે ચેડાં

**આરોપીએ** ઓપરેટર પાસે ગ્રામસભાની ઠરાવ બુક આપવા ના પાડી, જેથી ઉશ્કેરાઈ જઈ પંચાયત કર્મીને ધમકી આપી

પારડી: પારડી તાલુકાના સુખેશ ગામે પંચાયત કચેરીમાં કૃણાલ નામના ઈસમે તલાટીની ગેરહાજરી અંગે સરપંચને ફોન કર્યા બાદ પંચાયતના કમ્પ્યુટર ઓપરેટરને ગોંધી રાખી દસ્તાવેજ સાથે ચેડા કર્યા હોવાની ઘટના અંગે પારડી પોલીસ મથકે સુખેસના સરપંચે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે.

પારડી પોલીસને ફરિયાદ આપનાર સરપંચ પુનિત અરવિંદ પટેલના જણાવ્યા અનુસાર તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ નાનાપોંઢા ખાતે તાલુકા પંચાયત તથા મામલદાર કચેરીનું લોકાર્પણ હોય જેથી પોતે સવારના નવેક વાગે નાનાપોંઢા ખાતે ગયા હતા. ત્યારે સવાર ના સાડા દસેક વાગે સુખેશ ગામમા રહેતા કુણાલ વિનોદ કોળી પટેલે તેમના મોબાઈલ નંબર ઉપથી ફોન કરી સુખેશ પંચાયત ઉપર તલાટી કેમ હાજર નથી ? તેમ કહેતા તેને જણાવેલ કે, તલાટી રજા ઉપર છે. ત્યારે કૃણાલએ જણાવ્યું હતું કે, તલાટીએ કોની પાસેથી રજા લીધી છે. ? તેમ પુછતા તેને જણાવેલ કે તલાટીએ તાલુકા વિકાસ અધિકારી પાસેથી રજા લીધી છે. તેવું કહેતા ફોન કટ કરી દીધો હતો. ત્યાર બાદ અગ્યારેક વાગ્યાના સુમારે પંચાયતમા કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા વિરૂ નરેશ ધોડીયા પટેલે ફોન કરી જણાવ્યું હતું કે, આપણા ગામમા રહેતા કૃણાલભાઈ પંચાયત ઓફીસમા મારા કોમ્પ્યુટર રૂમમાં આવી ગ્રામ સભાની ઠરાવ બુકની માંગણી કરે છે. ત્યાર બાદ કુણાલે સરપંચ તેમજ તલાટી સાથે ફોન ઉપર વાત કરીને ઠરાવ બુક માગી હતી. પરંતુ તે સરકારી દસ્તાવેજ હોય આમ આપી નહીં શકાય તેવું કહેતા કહે છે કે, કૃણાલ ઉશ્કેરાઈ જઈને કમ્પ્યુટર ઓપરેટરને જાતિવિષયક અપશબ્દો બોલીને ઠરાવ બુકની માગણી કરતા રૂમનો અંદરથી દરવાજો બંધ કરીને ઓપરેટરનો ફોન લઈને કબાટમાંથી ઠરાવ બુક કાઢી ફોટા પાડી લઈ પેનથી લીટા પાડીને જતો રહયો હતો. આ મામલામાં સરપંચની ફરિયાદ લઈને પારડી પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સાપુતારાના ટેબલ પોઈન્ટ પર ધર્માંતરણની આશંકાથી હોબાળો

**પ્રવાસીઓએ** પાસ્ટરને આડે હાથ લીધા, મામલો પોલીસમથકે પહોંચ્યો



સાપુતારા: સાપુતારા ખાતે ફરી એકવાર ધર્માંતરણના મુદ્દે ભારે ગરમાવો જોવા મળ્યો છે. સાપુતારાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ 'ટેબલ પોઈન્ટ' પર જાહેરમાં ખ્રિસ્તી પ્રાર્થના અને ધર્માંતરણની પ્રવૃત્તિ ચાલી રહી હોવાના આક્ષેપ સાથે સ્થાનિક જાગૃત નાગરિકો અને પ્રવાસીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાને પગલે પ્રવાસન ધામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, સાપુતારાના ટેબલ પોઈન્ટ પર મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. આ દરમિયાન કેટલાક લોકોના સમૂહ દ્વારા જાહેરમાં ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના કરવામાં આવી રહી હતી. અહીં હાજર રહેલા કેટલાક જાગૃત નાગરિકો અને બહારથી આવેલા પ્રવાસીઓની નજર આ પ્રવૃત્તિ પર પડી હતી. ત્યારે ચર્ચા અને આક્ષેપ છે કે, એક પાસ્ટર દ્વારા ભોળી આદિવાસી જનતાને એકઠી કરી તેમને ધર્મ પરિવર્તન માટે પ્રેરી રહ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયોમાં જોવા મળ્યું હતું કે, એક જાગૃત નાગરિક દ્વારા પાસ્ટરને આકરા સવાલો કરવામાં આવી રહ્યા છે. સામે પક્ષે પાસ્ટર દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે તેઓ માત્ર ઈશ્વરની પ્રાર્થના કરે છે અને જે લોકો દુ:ખી છે તેમને સાજા કરવાનું કામ કરે છે. જોકે, આ દલીલોથી સંતોષ ન થતા મામલો વધુ બિચક્યો હતો.આ ઘટનાની જાણ થતાં જ સાપુતારા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થળ પર વધતી જતી ધમાચકડીને શાંત પાડવા માટે પોલીસે બંને પક્ષોને પોલીસ સ્ટેશન ખાતે બોલાવ્યા હતા. પોલીસ મથકની બહાર પણ લોકોના ટોળા ઉમટ્યા હતા અને મામલો વધુ ગરમાયો હતો.

સ્થાનિકોનો આક્ષેપ છે કે પ્રવાસન ધામો પર આ પ્રકારે ભોળી જનતાને લાલચ આપી કે ચમત્કારોની વાતો કરી ધર્માંતરણ કરાવવાનું મોટું નેટવર્ક સક્રિય થયું છે. ત્યારે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બની ખરેખર ધર્માંતરણનો પ્રયાસ હતો કે કેમ તે દિશામાં તપાસ કરે તેવી માંગ ઊઠી છે.

# વઘઈમાં RTO ઉઘરાણાથી ટ્રકચાલકોમાં ભારે રોષ

**ખાનગી** ડ્રાઈવરોને હાથો બનાવીને અધિકારીઓ ઉઘરાણી કરતાં હોવાના આક્ષેપ

સાપુતારા: વઘઈ ફોરેસ્ટ ચેકપોસ્ટ પર RTO ઇન્સ્પેક્ટરો દ્વારા આચરવામાં આવતી કથિત ગેરરીતિઓને લઈને હાલમાં ભારે વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વઘઈ ચેકપોસ્ટ પર ફરજ બજાવતા RTO વિભાગના કેટલાક અધિકારીઓ પોતાના સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કરી, પોતાના ખાનગી ડ્રાઈવરોને હાથો બનાવીને પસાર થતાં વાહનચાલકો પાસેથી ખુલ્લેઆમ ઉઘરાણી કરી રહ્યા હોવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે.

પરિવહન સંચાલકોએ આક્ષેપ કર્યો છે કે, ચેકિંગના નામે માલવાહક ટ્રકોને અટકાવવામાં આવે છે અને ડ્રાઈવર પાસે નિયમ મુજબના તમામ દસ્તાવેજો ઉપલબ્ધ હોય, તો પણ કોઈ ને કોઈ ક્ષુલ્લક ખામીઓ શોધી કાઢીને નાણાં પડાવવાની પેરવી કરવામાં આવે છે. એક ટ્રક ડ્રાઈવરે પોતાનું નામ ગુપ્ત રાખવાની શરતે જણાવ્યું હતું કે, દસ્તાવેજો સંપૂર્ણ હોવા છતાં પૈસા આપ્યા વગર ત્યાંથી છૂટકારો મેળવવો અશક્ય બની ગયો છે.

આ બાબતે અનેક પરિવહન સંચાલકોએ ઉચ્ચ અધિકારીઓ અને રાજ્ય સરકારના વિભાગોમાં લેખિત રજૂઆતો પણ કરી છે, પરંતુ અત્યાર સુધી તંત્ર દ્વારા કોઈ નક્કર કે કડક પગલાં લેવામાં આવ્યા નથી, જેને કારણે ભ્રષ્ટાચારી તત્વોને વધુ પ્રોત્સાહન મળી રહ્યું હોય તેમ જણાય છે. હાલમાં વિવિધ પરિવહન સંઘોએ સરકાર પાસે માંગ કરી છે કે, વઘઈ ચેકપોસ્ટ પર તાત્કાલિક અસરથી એક સ્વતંત્ર તપાસ કમિટી મોકલવામાં આવે અને તમામ રેકોર્ડ્સની ઝીણવટભરી તપાસ કરવામાં આવે. સાથે જ, જે અધિકારીઓ કે કર્મચારીઓ દોષિત જણાય તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માંગ ઉઠી છે.

# ડાંગ ભાજપ સાથે છેડો ફાડી 22 નેતા કોંગ્રેસના પંજામાં

**માજી** ધારાસભ્ય મંગળભાઈ ગાવીતના નેતૃત્વમાં કોંગ્રેસમાં જોડાતા ભાજપમાં ભંગાણ



સાપુતારા: સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓ પૂર્વે ડાંગ જિલ્લાનાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. તેવામાં ડાંગ જિલ્લા ભાજપમાં આજે મોટો ભડકો થવાની સાથે ભંગાણ થયું છે.

અંદાજે બે માસ અગાઉ પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિતે ભાજપ છોડી કોંગ્રેસમાં ઘરવાપસી કરી હતી. મંગળ ગાવિતની મહત્વની ભૂમિકાને પગલે ડાંગ જિલ્લાના પાયાના કાર્યકરો, તાલુકા અને જિલ્લા પંચાયતના ચાલુ અને માજી સદસ્યો સહિત 22 જેટલા મુખ્ય નેતાઓ અને કાર્યકર્તાઓએ કમળનો કેસરીયો છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો છે. ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસમાં જોડાનાર મુખ્ય ચહેરાઓમાં સુબિર પટાનાં ધુંરધર આગેવાન એવા બાબુભાઈ બાગુલ (માજી સરપંચ), નિલેશભાઈ બાબુભાઈ બાગુલ (જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ), વિજયભાઈ ચૌધરી (માજી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન અને જિલ્લા સદસ્ય), લગનભાઈ ગામીત (તાલુકા કારોબારી ચેરમેન), કરસનભાઈ ચૌધરી (સરપંચ -પીપલદહાડ), મગનભાઈ રાઉત (અન્ય તાલુકા સભ્યો અને વોર્ડ સભ્યો) નો સમાવેશ થયો છે.

કોંગ્રેસમાં જોડાયેલા આગેવાનોએ ભાજપ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ડાંગના વિકાસના નામે ભાજપા પાર્ટી દ્વારા માત્ર ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભાજપનાં શાસનમાં છેવાડાના માનવી અને પાયાના કાર્યકરોની સતત ઉપેક્ષા કરવામાં આવે છે. સત્તાના દુરૂપયોગથી કંટાળીને અને જનતાના પ્રશ્નો વાચા આપવા માટે તેઓએ કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો છે. ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ સ્નેહલ ઠાકરે એ જણાવ્યું હતું કે, ડાંગના પાયાના કાર્યકરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનો કોંગ્રેસ પરનો આ વિશ્વાસ દર્શાવે છે કે હવે ડાંગની જનતા આગામી ચૂંટણીઓમાં પરિવર્તન ઈચ્છે છે.

# ડાંગમાં VB-GRAMG બિલનો વિરોધ

સાપુતારા: ડાંગ જિલ્લામાં મનરેગા 2005નાં કાનૂની અધિકારના રક્ષણ અને સમર્થન સાથે VB -G RAM G 2025 બિલના વિરોધ સાથે ડાંગ જિલ્લા કલેક્ટરને સંબોધતું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ડાંગ મજૂર અધિકાર મંચ, ડાંગ જય આદિવાસી મહાસંઘ, એકલનારી શક્તિ મંચ અને માનવ અધિકાર રક્ષક જિલ્લાના સંગઠનો દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો ૨૦૦૫ સામે હાલમાં સંસદમાં ચાલી રહેલા બિલનો સખ્ત શબ્દોમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. વિકસિત ભારત- ગેરેંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન ૨૦૦૫નાં આ બિલનો સખ્ત શબ્દોમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009
પરિશિષ્ટ-IV-A[નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]
પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ હેઠળ અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના સંદર્ભમાં સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જેની વિગતો નીચે આપેલ છે:-

| ક્રમ નં. | ઋણ લેનારાઓ/સહ ઋણ લેનારાઓ/ ગૅરેન્ટર/ લોન એકાઉન્ટ નંબર/શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું સરનામુ | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | રોશનલાલ રામસેવક મિશ્રા/ નગીના રામસેવક મિશ્રા/ 004-00404600/સુરત | 20 જુલાઇ 2023/ રૂ.7,74,083/- સાત લાખ ચુમોતેર હજાર ત્યાંશી રૂપિયા પુરા | પ્લોટ નં. 32, ઓમ સાઇ રેસિડન્સી, સાઇ શ્રદ્ધા નજીક, સ્યાદલા, ઓલપાડ સુરત ગુજરાત-395003 | રૂ. 6,96,012/- છ લાખ છન્નુ હજાર બાર રૂપિયા પુરા | રૂ. 69,601/- ઓગણોસિત્તેર હજાર છસો એક રૂપિયા પુરા |
| 2. | ધર્મેન્દ્ર મજ્જુ ચૌધરી/ બબીતાદેવી ધર્મેન્દ્ર ચૌધરી/ 004-00403972/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 10,68,959/- દસ લાખ અડસઠ હજાર નવસો ઓગણસાઠ રૂપિયા પુરા | ફ્લેટ નં.508 પાંચમો માળ હરીદર્શન રેસિડન્સી, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે, સુરત, સુરત, ગુજરાત-394327. સીમાઓ ઉત્તર : સંલગ્ન પ્લોટ નં.8,19, દક્ષિણ સંલગ્ન બ્લોક નં. 120, પૂર્વ સંલગ્ન રોડ, પશ્ચીમ સંલગ્ન સોસાયટીનો આંતરિક રોડ | રૂ. 5,25,800/- પાંચ લાખ પચ્ચીસ હજાર આઠસો રૂપિયા પૂરા | રૂ. 52,580/- બાવન હજાર પાંચસો એંસી રૂપિયા પુરા |
| 3. | દિલીપ દેવીદાસ ભોઇ/ સીતા દિલીપ ભોઇ/ 004-004033766/ સુરત | 20 માર્ચ 2025/ રૂ. 6,78,216/- છ લાખ ઉઠોતેર હજાર બસો સોળ રૂપિયા પુરા | ફ્લેટ નં. એ-402, હરિકૃષ્ણા પેલેસ શિવમ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, કડોદરા, પલસાણા સુરત-394327. સીમાઓ ઉત્તર: સંલગ્ન ફ્લેટ નં. એ-401, દક્ષિણ: સંલગ્ન ફ્લેટ નં. એ-403, પૂર્વ: સંલગ્ન બિલ્ડીંગ, પશ્ચિમ: સંલગ્ન ફ્લેટ નં. એ-405 | રૂ. 3,59.100/- ત્રણ લાખ ઓગણસાઠ હજાર એકસો રૂપિયા પુરા | રૂ. 35,910/- પાત્રીસ હજાર નવસો દસ રૂપિયા પુરા |
| 4. | જયંતિભાઇ જાદવભાઇ કાચા/ હેતલબેન જયંતિભાઇ કાચા/ 004-00405280/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 16,45,153/- સોળ લાખ પિસ્તાલીસ હજાર એકસો ત્રેપન રૂપિયા પુરા | ફ્લેટ નં. 103, પહેલો માળ, સુકુન રેસિડન્સી-2, રામનગર, સુરત બારડોલી હાઇવે પર, અંત્રોલી, પલસાણા, સુરત. સર્વે નં. આર.એસ. નં. 1-3, 5, 7, 11-15, બ્લોક નં. 1, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ-394325. ઉત્તર આંતરિક રોડ, દક્ષિણ શિવાંગી રેસીડન્સી, પૂર્વ આંતરિક રોડ, પશ્ચિમ સુકુન-1 | રૂ. 6,18,150/- છ લાખ અઢાર હજાર એકસો પચાસ રૂપિયા પુરા | રૂ. 61,815/- એકસઠ હજાર આઠસો પંદર રૂપિયા પુરા |
| 5. | કમલેશકુમાર શ્રીગોકર્ણ મિશ્રા/ તૃપ્તિ કમલેશકુમાર મિશ્રા/ 004-00405177/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 6,94,136/- છ લાખ ચોરાણુ હજાર એકસો છત્રીસ રૂપિયા પુરા | ફ્લેટ નં. 408 ચોથો માળ, સાઇ શ્રદ્ધા વલ્લભનગર, સુરત કડોદરા રોડ પર, બ્લ્યુ ડેલ સ્કૂલ નજીક, વરેલી સુરત ગુજરાત-394140 સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 11/06/2018ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.12845-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સંલગ્ન સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન બ્લોક નં. 185, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 205થી 208, પશ્ચિમ સોસાયટી રોડ | રૂ. 4,64,840/- ચાર લાખ ચોસઠ હજાર આઠસો ચાલીસ રૂપિયા પુરા | રૂ. 46,484/- છેતાલીસ હજાર ચારસો ચોર્યાસી રૂપિયા પુરા |
| 6. | નવીન છગનભાઇ પટેલ/કલાબેન નવીનભાઇ પટેલ/ 004-00403418/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 11,32,074/- અગિયાર લાખ બત્રીસ હજાર ચુમોતેર રૂપિયા પુરા | ફ્લેટ નં. 410 ચોથો માળ., પ્લોટ નં. 17થી 22, બ્લોક નં. 183, 184, બિલ્ડીંગ નં. એ, સત્યમ રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે જોળવા પલસાણા સુરત સુરત-ગુજરાત -394310 સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન અન્ય પ્લોટ, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 17, પશ્ચિમ સંલગ્ન બિલ્ડીંગ નં. બી | રૂ. 4,95,093/- ચાર લાખ પંચાણુ હજાર ત્રાણુ રૂપિયા પુરા | રૂ. 49,509/- ઓગણપચાસ હજાર પાંચસો નવ રૂપિયા પુરા |
| 7. | રમેશભાઇ અર્જુનભાઇ વિશ્વકર્મા/ કિરણબેન રમેશ વિશ્વકર્મા/ 004-00403780/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 6,52,253/- છ લાખ બાવન હજાર બસો ત્રેપન રૂપિયા પુરા | ફ્લેટ નં. એ-202, બીજો માળ, શિવ કમલ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર જોળવા, પલસાણા, સુરત સુરત ગુજરાત 394310 નિદર્શન ઉત્તર- ફ્લેટ નં. 203, દક્ષિણ- સંલગ્ન બિલ્ડીંગ નં. બી, પૂર્વ ફ્લેટ નં. 201, પશ્ચિમ- સોસાયટી રોડ | રૂ. 6,30,975/- છ લાખ ત્રીસ હજાર નવસો પંચોતેર રૂપિયા પુરા | રૂ. 63,097/- ત્રેસઠ હજાર સત્તાણુ રૂપિયા પુરા |
| 8. | સાહેબરાવ શંકરરાવ દેશમુખ/રવિકાંત સાહેબરાવ સાળુંકે/ 004-00402537/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 12,44,027/- બાર લાખ ચુમાલીસ હજાર સત્તાવીસ રૂપિયા પુરા | ફ્લેટ નં.એ-106, પહેલો માળ, સત્યમ રેસિડન્સી, વિંગ-એ, સુરત બારડોલી રોડ પર, સાહિબા મિલ સામે, જોળવા, પલસાણા, ગુજરાત 394310. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 07 ફેબ્રુઆરી 18ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.2419-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ -અન્ય પ્લોટ, પૂર્વ પ્લોટ નં. 17ની મિલકત, પશ્ચિમ બિલ્ડીંગ નં.બી | રૂ. 3,66,900/- ત્રણ લાખ છાંસઠ હજાર નવસો રૂપિયા પુરા | રૂ. 36,690/- છત્રીસ હજાર છસો નેવુ રૂપિયા પુરા |
| 9. | સુરેશ કારભારી ખંભાલે/આરતી સુરેશ કાંબલે/ 004-00405535/સુરત | 11 ડિસેમ્બર 2024/ રૂ. 5,81,019/- પાંચ લાખ એક્યાંશી હજાર ઓગણીસ રૂપિયા પુરા | ફ્લેટ નં. 403, ચોથો માળ, શ્રી નીલકંઠ પેલેસ, આર.એસ. નં. 93/1 બ્લોક નં. 121, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, બગુમરા, પલસાણા, સુરત, જીઇઓ કો-ઓર્ડિનેટ્સ 21.160565, 73.006011, લેન્ડમાર્ક સાઇ દર્શન રેસિડન્સી, સુરત-બારડોલી પર, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ 395305 | રૂ. 4,15,800/- ચાર લાખ પંદર હજાર આઠસો રૂપિયા પુરા | રૂ. 41,580/- એકતાલીસ હજાક પાંચસો એંસી રૂપિયા પુરા |
| 10. | કલ્લા પારસિંગ ડામોર/ વર્દુ કલ્લા ડામોર/ 004-00402873/સુરત | 20 મે 2025/ રૂ. 6,87.217/- છ લાખ સત્યાંશી હજાર બસો સત્તર રૂપિયા પુરા | ફ્લેટ નં, એ 503, પાંચમો માળ, મહાલક્ષ્મી રેસિડન્સી, વિંગ-એ, યોગીદર્શન સોસાયટી, એસ.ડી જૈન સ્કુલની પાછળ, હાઇવે નં. 8. સુરત-મુંબઇ હાઇવે, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ નં. 525, બ્લોક નં. 526/પી, લેન્ડમાર્ક એસ.ડી જૈન સ્કુલની પાછળ હાઇવે નં. 08. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ 394315, નિદર્શન ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ-વિંગ-એ, પૂર્વ-સંલગ્ન સોસાયટી રોડ, પશ્ચિમ- સંલગ્ન સોસાયટી રોડ | રૂ. 5,37,468/- પાંચ લાખ સાડત્રીસ હજાર ચારસો અડસઠ રૂપિયા પુરા | રૂ. 53,746/- તેપ્પન હજાર સાતસો છેતાલીસ રૂપિયા પુરા |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 22 જાન્યુઆરી- 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 21-જાન્યુઆરી-2026ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને બપોરે 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 23-જાન્યુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - 9737057744
તારીખ: 20 ડિસેમ્બર, 2025
સ્થળ: સુરત
એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

# પૂર્ણા નદી પર બ્રિજ: જમીન સંપાદન મુદ્દે પારસી સમાજનો વિરોધ

**500** વર્ષ જૂનું પવિત્ર સ્થળ, જમીન આપવી યોગ્ય નથી: પારસી સમાજ

**પ્રાંત** અધિકારીએ ચર્ચા માટે આગેવાનોને બોલાવ્યા

નવસારી: નવસારી શહેરમાં પૂર્ણા નદી પર નવા પુલના નિર્માણ માટે ચાલી રહેલી જમીન સંપાદન પ્રક્રિયા દરમિયાન પારસી સમાજની પવિત્ર ડુંગરવાડી (સ્મશાન ભૂમિ) ની જમીનનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત ડુંગરવાડીની જમીન સંપાદન થવાની શક્યતા સામે પારસી સમાજે વાંધો વ્યક્ત કર્યો છે.

પારસી સમાજનું કહેવું છે કે ડુંગરવાડી તેમની આશરે 500 વર્ષ જૂની ધાર્મિક ધરોહર છે અને તે અત્યંત પવિત્ર સ્થળ હોવાથી ત્યાં કોઈપણ પ્રકારની જમીન આપવી યોગ્ય નથી. સમાજના આગેવાનો જણાવે છે કે અગાઉ રસ્તા પહોળા કરવા માટે સ્વેચ્છાએ જમીન આપવામાં આવી હતી તેમજ અંદાજે 35 લાખના ખર્ચે પ્રોટેક્શન વોલનું નિર્માણ પણ કરવામાં આવ્યું હતું. હાલના સંજોગોમાં ફરીથી જમીન માંગવી યોગ્ય નથી તેવી રજૂઆત કરવામાં આવી છે.

નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝના કેરસી દેબુએ જણાવ્યું હતું કે હાલનો 18 મીટર પહોળો રસ્તો નવા પુલ માટે પૂરતો છે અને વધારાની જમીન સંપાદનની જરૂર નથી. તેમણે એ પણ જણાવ્યું કે ડુંગરવાડી વિસ્તારમાં અંદાજે 200 વર્ષ જૂની ઈમારતો અને ધાર્મિક સ્થળો આવેલા છે, જેની નજીક પહેલેથી જ બાંધકામ છે. આવી સ્થિતિમાં વધુ જમીન આપવી શક્ય નથી.

આ મામલે નવસારીના પ્રાંત અધિકારી જનમ ઠાકોરે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે પૂર્ણા નદી પર જૂના પુલના સ્થાને નવો પુલ બનાવવાના હેતુથી 3 નવેમ્બરના રોજ કલમ 3A હેઠળ પ્રાથમિક અધિસૂચના બહાર પાડવામાં આવી હતી. જમીન સંબંધી સંયુક્ત માપણી સર્વેક્ષણ (JMS) માટે R|B, નેશનલ હાઈવે ડિવિઝન અને DILRના સર્વેયરોની ટીમ મોકલવામાં આવી હતી.

પ્રાંત અધિકારીએ ઉમેર્યું હતું કે એલાઈન્મેન્ટ અથવા ડિઝાઇનમાં ફેરફાર કરવાની સત્તા નેશનલ હાઈવે ઓથોરિટી અને પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ પાસે છે. પારસી સમાજના ટ્રસ્ટીઓને આવતીકાલે ચર્ચા માટે બોલાવવામાં આવ્યા છે. હવે આવનારી બેઠકમાં બંને પક્ષો વચ્ચે શું નિર્ણય થાય છે તે બાબતે સ્થાનિક સ્તરે રસ જાગ્યો છે.

# પારડી બાર એસો.ની ચૂંટણીમાં પ્રમુખ પદે ભરત પટેલની જીત

**કુલ** 123માંથી 118 વકીલ મતદારે મતદાન કર્યું



પારડી: પારડી બાર એસોસિએશન વકીલ મંડળની આજરોજ ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી અધિકારી અમિત બી.પટેલ અને અજિત બી. પટેલના નેજા હેઠળ બેલેટ પેપર પર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં કુલ 123 વકીલ મતદારમાંથી 118 મતદાન કર્યું હતું. પ્રમુખ પદ માટે ભરત પટેલ અને બિપિન પટેલ વચ્ચે થયેલ ચૂંટણીની મતગણતરી હાથ ધરાતા ભરત પટેલને 94 મત અને બિપિન પટેલને 24 મત મળતા પ્રમુખ પદે ભરત પટેલ વિજેતા રહ્યા હતા. જ્યારે 3 ઉપપ્રમુખ પદ માટે 4 ઉમેદવારે ફોર્મ ભર્યા હતા. જેમાં અશ્વિન દેસાઈને 95, હિતેશ એમ. પટેલને 82, શૈલેષ પ્રજાપતિને 77 મત મળતા ઉપપ્રમુખ પદે વિજેતા રહ્યા હતા, જ્યારે રોનક રાણાને 58 મત મળતા પરાજય થયો હતો. સેક્રેટરી હિતેશ આર. પટેલને 83 મત મળતા વિજેતા, જ્યારે અમિત ટી. પટેલને 35 મત મળતા પરાજય બન્યા હતા. જોઈન્ટ સેક્રેટરી તરીકે રિંકલ એચ. દેસાઈ 61 મતે વિજેતા બન્યા હતા. જ્યારે ભાર્ગવ પંડ્યાને 56 મત મળતા તેનો પરાજય થયો હતો. ભરત પટેલની પેનલના ખજાનચી મિતેષ ભંડારી, સહ ખજાનચી જીનલ હળપતિ, એલાર્મ શ્વેતા રાણા, લાઈબ્રેરીયન જિનેશ મપારા, ઈ-લાઈબ્રેરીયન અક્ષય યાદવ, માંગીલાલ પુરોહિત, વત્સલ દેસાઈ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

# નવસારીમાં દિવસ ગરમ, રાતે ઠંડી

નવસારી: નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ નવસારીમાં તાપમાનમાં ધીમે ધીમે વધારો નોંધાઈ રહ્યો છે. તા. 18 ડિસેમ્બર 2025ના રોજ શહેરમાં મહત્તમ તાપમાન 32.2 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 16.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે ઠંડક અનુભવાઈ હતી, જ્યારે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થયો હતો. તે જ રીતે તા. 19 ડિસેમ્બર 2025ના રોજ મહત્તમ તાપમાન 33.0 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે, જ્યારે લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ વધતા ઉષ્ણતા વધશે, જ્યારે સવાર અને રાત્રે ઠંડક યથાવત્ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પવનની ગતિ ઓછી રહેવાની શક્યતા છે.

# અરનાલામાં રૂ.16.60 કરોડનાં કાર્યોનું નાણામંત્રીના હસ્તે ખાતમુહૂર્ત



વલસાડ: કપરાડા વિધાનસભા વિસ્તારમાં આવતા પારડી તાલુકાના અરનાલા પાટી ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈએ રૂ.16.60 કરોડના ખર્ચે નિર્માણ થનાર બ્રિજ અને રોડ રિસર્ફેસિંગના કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ધગડમાળ-અરનાલા- પાટી- સુખાલા રોડ કોલક નદી પર રૂ.15.60 કરોડના ખર્ચે મેજર માર્ગ મકાન વિભાગ (પંચાયત) હસ્તક નિર્માણ થશે તેમજ રૂ.1 કરોડના ખર્ચે અરનાલા સામરપાડા રોડનું રિસર્ફેસિંગ કાર્ય પણ કરવામાં આવશે. આ બન્ને કાર્યો થવાથી આસપાસના ગામના અનેક લોકોને અવરજવરમાં રાહત થશે તેમ જણાવ્યું હતું. કપરાડા ધારાસભ્ય જીતુ ચૌધરીએ ખાતમુહૂર્ત પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. માર્ગ મકાન વિભાગ (પંચાયત) ના કાર્યપાલક ઈજનેર ભાવેશ પટેલે ખાતમુહૂર્ત થયેલા કાર્યોની રૂપરેખા આપી હતી.